# હિંમતનગર ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## હિંમતનગર પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૧૧૬ લાભાર્થીઓને રૂ. ૨૪૩.૪૨ લાખના સાધન સહાયનું વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૨૧

ગરીબ લાભાર્થિઓને તેમના લાભો સીધે સીધા પહોચાડવાના ભાગરૂપે આજે હિંમતનગરના માર્કેટ યાર્ડ ખાતે યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરાએ દિપ -ાગટય કરી ખુલ્લો મુકયો હતો. આ ગરીબ કલ્યાણ મેળામાં ૧૧૧૬ ગરીબ લાભાર્થીઓને રૂ.૨૪૩..૪૨ લાખના સાધન સહાય અપાયા હતા.

આ સાધન સહાયનું વિતરણ કરતા મંત્રી રમણલાલ વોરા જણાવ્યું હતું કે, ગરીબોને કોઇ પણ વચેટીયા વિના સીધે સીધો લાભ પહોચાડનારૂ ગુજરાત એક માત્ર રાજય છે.મહાત્મા ગાંધી એવુ કહેતા હતા કે દેશનું આયોજન ગરીબ છેવાડાના માનવીને કેન્દ્રમાં રાખીને ઘડાવું જોઇએ. રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગાંધીજીના આ આદર્શને સાચા અર્થમાં મૂર્તિમંત કર્યો છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે કયારેય લાભાર્થિને મતદાર કે અરજદાર તરીકે નથી જોયા, લાભાર્થિને સ્વમાનભેર સહાય ઘર સુધી પંહોચાડી છે. રાજયમાં વસતા તમામ ગરીબોને પ્લોટ - આવાસ આપનાર ગુજરાત એકમાત્ર રાજય છે. મહિલા સશક્તિકરણની વાત કરતા જણાવ્યું હતું કે, મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મહિલા પશુપાલકોની સવિશેષ ચિંતા કરી છે, મહિલા સંચાલિત દૂધ મંડળીઓને રૂ. પાંચ લાખની સહાય આપવાની સાથે મિલ્કિંગ મશીન અને ચાપકટર આપવાની યોજના અમલી બનાવી છે.

હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ ગરીબ લાભાર્થીઓને સરકારની કલ્યાણકારી યોજનાની વાત કરતા જણાવ્યું હતું કે, ગરીબો સ્વમાનભેર જીવન જીવી શકે અને આર્થિક સ્વાવલંબનની દિશામાં રાજય સરકારે અનેકવિધ યોજના અમલમાં મુકી છે. ગરીબોનું આત્મસન્માન અને સ્વાભિમાન માટે વિવિધ કલ્યાણકારી યોજના થકી ગરીબ લોકો સ્વનિર્ભર બને તેવું રાજય સરકારનું લક્ષ્ય છે. સરકારનો અભિગમ વંચિત માનવીઓનો વિકાસ ગરીબ કલ્યાણ મેળા થકી છેવાડના માનવીને તેનો લાભ મળે તેવો છે. જેમાં -ધાનમંત્રી જન ધન યોજના થકી ગામડાના ગરીબોને વ્યાજના ખપ્પરમાંથી મુકત કરવાનું મહાભિયાન હાથ ધર્યુ છે. જયારે રાજય સરકારના કુપોષણના કલંકને નાબૂદ કરવા જનઅભિયાનમાં જોડાવાની અપીલ કરી હતી.

આ -સંગે માન. મુખ્યમંત્રીના કન્યા કેળવણી નિધિમાં રૂ. ૧૦,૦૦૦નો ચેક નાયબ મામલતદાર દેવેશ પટેલના હસ્તે મંત્રીને અર્પણ કરવામા આવ્યો હતો. ગરીબ કલ્યાણ મેળામાં -ાંત અધિકારી એમ.કે.વ્યાસે સ્વાગત -વચન કર્યુ હતું જયારે તાલુકા વિકાસ અધિકારી જી.ડી.-જાપતિએ આભારવિધિ કરી હતી. તેમજ અધિકારીઓ અને કર્મચારીઓએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી

આ -સંગે ગુડાના ચેરમેન અશોકભાઇ ભાવસાર, સિંચાઇ સહભાગી યોજનાના ચેરમેન ગણેશભાઇ ચૌધરી, સાસંદ દિપસિંહ રાઠોડ, સાબર ડેરીના ચેરમેન જેઠાભાઇ પટેલ, જિલ્લા ભાજપ -મુખ પૃથ્વીરાજભાઇ પટેલ, શહેર -મુખ બીપીન ઓઝા, એસ.ટી નિગમના ડિરેકટર કૌશલ્યાકુંવરબા, જિલ્લા સમાહર્તા બંછાનિધિ પાની, અધિક કલેકટર એસ.ડી ધાનાણી, , મામલતદાર પથિક પટેલ, ચીફ ઓફિસર નવનીતભાઇ પટેલ સહીત અન્ય અધિકારી- પદાધિકારી અને લાભાર્થીઓ મોટી સંખયામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

શામળાજી પોલીસમથકમાં જુદા જુદા ૭૬ પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલા કરોડો રૂપિયાના વિદેશી દારૂના જથ્થાનો પોલીસ અને પ્રાંત અધિકારીની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો.

# ધનસુરા કોલેજમાં સેમિનાર યોજાયો

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ધનસુરાની ડી.પી.સી.બી.એલ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના યુ.જી.સી. સ્પોન્સર નેશનલ એન્ડ સાયકોલોજી હોર્મ સાયન્સ ફીજીકલ એજયુકેશન સેમિનાર યોજાયો જેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો હાજર રહ્યા.

ધનસુરાથી અમદાવાદ જતાં રોડ ઉપર આર્ટસ અને કોમર્સ કોલેજ આવેલ છે જેમાં યુજીસી દ્વારા ત્રિવીધ વિષયનો સેમિનાર યોજાયો હતો જેમાં ગુજરાત યુનિવર્સિટીના અધ્યાપકો હાજર રહ્યા હતા અને પડોશી રાજય મહારાષ્ટ્ર અને રાજસ્થાન યુનિવર્સિટીના અધ્યાપકો હાજર રહ્યા હતા. આ અધ્યાપકો દ્વારા કોલેજમાં થતી જ્ઞાન વિદ્યાર્થીઓને અને સમાજ સુધી પહોંચી શકે તેવો હેતુ હતો. આ જ્ઞાનમાં યોગ, રમતગમત, મનોવિજ્ઞાન હોમસાયન્સ જેવા ત્રિવીધ વિષયનો સેમિનાર યોજાયો હતો. જેમાં ધીરજભાઈ મહેતા, ડૉ. આર.એલ. ઘોડારા, સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, કિરણ સિગોટ અને પ્રિન્સિપાલ પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ અને ટ્રસ્ટી જે.વી. શાહ જેવા ઉપસ્થિત રહી દિપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો અને આવનાર મહેમાનોને ગાંધીજીનું રેંટિયાનું પ્રતીક આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા શહેરના મેઘરજ માલપુર ચોકડીને જોડતા માર્ગ પર વરસાદના પાણી જવા માટે ૫ થી ૭ ફૂટ ઊંડા ખાડા પાડી ગટરલાઈન બનાવવામાં આવી છે. માર્ગથી બે ફૂટના અંતરે ઠેર ઠેર મોટા મોટા ખાડા થવાથી રોજ અનેક વાહનચાલકો અને પશુઓ ખાડામાં પડે છે. પરિણામે રહિશોએ તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરી ખુલ્લા ખાડાઓનું પુરાણ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# અંબાઈગઢાના સબ સેન્ટરની ફીમેલ હેલ્થ વર્કરે મેડીકલ ઓફીસર વિરૂદ્ધ છેડતીની ફરીયાદ નોંધાવી

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર વિરૂદ્ધ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતી ફીમેલ હેલ્થ વર્કરે સાડા આઠ માસ પછી છેડતીની ફરીયાદ નોંધાવતાં ખેડબ્રહ્મા પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના ઉચીધનાલ આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફીસર તરીકે ડૉ. ચંદ્રપ્રકાશ ગંગારામ મકવાણા ફરજ બજાવતા હતા અને આ આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર અંબાઈગઢામાં અનુસૂચિત જાતીની અને એક દિકરાની મા ૪૪ વર્ષની મહીલા હેલ્થવર્કર તરીકે ફરજ બજાવે છે. આ હેલ્થ વર્કરે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યા અનુસાર ગત તા. ૧-૧-૧૪ ના રોજ અંબાઈગઢા સબ સેન્ટરમાં મમતા દિવસની કામગીરી આ હેલ્થવર્કર કરી હતી. તે સમયે ઉંચીધનાલ મેડીકલ ઓફીસર સી.જી. મકવાણાએ ફોન કરી આ હેલ્થવર્કરને ઉચીધનાલ વેકસીનનું કેરીયલ લઈ જણાવ્યું હતુ ત્યારે આ મહીલા વર્કરે તેના પતિને કે સ્ટાફમાંથી કોઈને સાથે ન લાવવાનું કહેતો મેડીકલ ઓફીસરે ના પાડી હતી. તેથી તે દિવસે સાંજના પાંચ વાગે અંબાઈગઢાથી નીકળી સાંજે સાત વાગે આ વર્કર ઉંચીધનાલ પહોચી હતી. જ્યાં ડૉ. મકવાણા એકલાજ હતા. ડૉ. મકવાણાએ આ ફિમેલ હેલ્થ વર્કરનો હાથ ખેંચી ઓફીસમાં લઈ ગયા હતા અને શારિરીક છેડતી કરી હતી. આ ડૉક્ટરે ઘણી મહીલાઓની એકલતાનો લાભ લીધાનું પણ ફરીયાદમાં જણાવવામાં આવ્યું છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરીયાદ કરવામાં આવતા મેડીકલ ઓફીસર સી.જી. મકવાણાની બદલી કરવામાં આવી હતી. ત્યાર પછી સમાધાન કરવાના બહાને આ ફીમેલ હેલ્થ વર્કર પાસે અભદ્ર માગણીઓ ચાલુ રાખતાં ના છુટકે ૧૭ સપ્ટેમ્બર-૧૪ના રોજ આ ફીમેલ હેલ્થ વર્કરે મેડીકલ ઓફીસર ડૉ. સી.જી. મકવાણા વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પી.એસ.આઈ. જી.કે. ઈસરાનીએ ઈપીકો કલમ ૩૫૪-એ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડબ્રહ્મામાંથી તોતીંગ ડમ્પર ચોરાયું

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા સ્ટેટહાઈવે પર આવેલ હોટલ પાસે પાર્ક કરેલ ડમ્પરના કાચ તોડી રાત્રિના અંધારાનો લાભ લઈ અજાણ્યા શખ્સો રૂ. ૨૫ લાખના ડમ્પરની ચોરી કરી ઉઠાવી ગયા છે. આ અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ઈડર તાલુકાના પાનોલ રાજેન્દ્ર ચુનીલાલ ડાભી હાથરવા ગામના રબારી અરવિંદભાઈનું ડમ્પર નં. જીજે-૯-એ.વી.૩૩૭૪ છેલ્લા પાંચ માસથી ચલાવે છે અને હીગટીયા લીઝ ઉપરથી રેતીના ફેરા કરે છે.

દરમિયાન બુધવારના રોજ હીગટીયાથી રેતી ભરી ઈડર ખાલી કરી હતી અને રાત્રે ૯.૩૦ કલાકે ખેડબ્રહ્મા નજીક આવેલી સાંઈ કૃપા હોટલ પાસે આવેલ પેટ્રોલ પંપ ઉપર ડમ્પર પાર્ક કરી પેટ્રોલપંપના રેસ્ટ હાઉસમાં આરામ કરવા ગયા હતા. ગુરૂવારે વહેલી સવારે ૬ વાગે ઉઠી ડમ્પર પાર્ક કર્યું હતું ત્યાં ગયા હતા જ્યાં માત્ર કાચના ટુકડા જોવા મળતા ડમ્પર ચોરાયાનું જણાયું હતું તેથી ડમ્પરના માલિક અરવિંદભાઈ રબારીને જાણ કરી ડમ્પર ચોરી અંગે ખેડબ્રહ્મા પોલીસમથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો હતો. જે અંગે પી.એસ.આઈ. જી.કે. ઈસરાની તપાસ ચલાવી રહ્યા છે.




બનાસકાંઠા જિલ્લા લીગલ ઓથોરિટી પાલનપુર અને કાંકરેજ તાલુકા કાનુની સત્તામંડળ દ્વારા કાંકરેજના કુદાસણ, રણાવાડા (ખા) અને આંબલુણ ગામે સિવિલ જજ આર.આર. મિસ્ત્રી અધ્યક્ષ સ્થાને કાનુની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જજ આર.આર. મિસ્ત્રીએ, માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. રજુભા વાઘેલા, કરશનભાઈ ચૌહાણ, દિનુભા ડાભી, મીરાબેન દરજી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.
(તસવીર : આશારામ રાવલ, શિહોરી)



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લામાં આજથી નવરાત્રી મેળાનો શુભારંભ થયો છે.પાલનપુર મુકામે આવેલ ડૉ.આંબેડકર ભવન, ગુરૂનાનક ચોક ખાતે નવરાત્રી મેળાને ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે.પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકારશ્રી દ્વારા મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલા આર્થિક વિકાસ નિગમ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે પાલનપુર, અંબાજી, ધાનેરા અને ડીસા નગરપાલિકા વિસ્તારમાં તા. ૨૧/૯/૨૦૧૪ થી તા. ૩/૧૦/૨૦૧૪ સુધી નવરાત્રી મેળાઓ યોજવાનું નક્કી કરવામાં આવ્યુ છે. પાલનપુર ખાતેના નવરાત્રી મેળામાં મહિલા સ્વસહાય જુથો અને સખીમંડળો દ્વારા નવરાત્રીને અનુરૂપ ડ્રેસ મટીરીયલ્સ જેમાં બહેનો અને બાળકો માટે નવરાત્રીમાં પહેરવાના વિવિધ -કારના ફેન્સી કપડા, બહેનો માટે શૃંગારની વસ્તુઓ જેવી કે બંગડી, મહેંદી, બોરીયા, હેન્ડ બેલ્ટ, નેઈલ પોલીશ, એન્ટીક વસ્તુઓ અને પગ લુંછણીયા સહિત અન્ય સામગ્રી તથા ચા-નાસ્તાના ૧૨ જેટલાં સ્ટોલ બનાવવામાં આવ્યા છે. પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે પણ નવરાત્રીને લગતી વસ્તુઓના વેચાણ માટે વિવિધ સ્ટોલ્સ બનાવવામાં આવ્યા છે.

# જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ દ્વારા જાયન્ટ્સ સપ્તાહની ઉજવણી

બાયડ, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના બાયડ શહેરમાં બાયડ જાયન્ટ્સ ગૃપ અને બાયડ જાયન્ટ્સ ગૃપ ઓફ સહેલી દ્વારા જાયન્ટ્સ સપ્તાહનું આયોજન તા. ૧૭ મી સપ્ટેમ્બરથી તા. ૨૩મી સપ્ટેમ્બર સુધી ઉજવવાનું હોવાથી આ સપ્તાહ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તીઓ અને સમાજ સુધારણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

બાયડ જાયન્ટ્સ ગૃપ બાયડ શહેરમાં હંમેશા સામાજીક સેવાઓ તેમજ જનજાગૃતિના અભિયાનમાં અગ્રેસર રહે છે. આ સપ્તાહનું દિપ પ્રાગટ્ય ગાયત્રી મંદિર બાયડના સભાગૃહમાં ગાયત્રી પરિવારના મનહર પટેલ, જાયન્ટ્સ ફેડરેશન ઉપપ્રમુખ નિલેશ જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉજવણી દરમ્યાન જાયન્ટ્સ ગૃપ દ્વારા સપ્તાહ દરમિયાન રક્તદાન શિબિર, ટ્રાફીક નિયમન તંત્ર વિશે જન જાગૃતિ, વાત્રક નર્સિંગ સ્કૂલની વિદ્યાર્થીઓમાં વ્યક્તિ વિકાસ અને ચારિત્ર ઘડતર, સગર્ભા બહેનોમાં સુખડી વિતરણ, ગામડાઓમાં જંતુનાશક દવાઓનો છંટકાવ, સ્વચ્છતા અભિયાન, ગરીબ વસાહતમાં મફત કપડાનું વિતરણ, દંતચિકિત્સક કેમ્પ તથા બાયડની વિવિધ હોસ્પિટલમાં રહેલા દરદીઓને ફ્રૂટનું વિતરણ આયોજન કરવામાં આવેલ છે.

આ સપ્તાહના આયોજનમાં જાયન્ટ્સ ગૃપ પ્રમુખ કનુભાઈ એમ. શાહ, કુમુદભાઈ ભાવસાર, રમેશ પટેલ, બી.પી. ચૌધરી, ડૉ. મિનેષ ગાંધી, ધર્મેશ સોની તેમજ સંજય શાહ સૌ જાયન્ટ્સ મિત્રોએ સાથે રહી સપ્તાહની ઉજવણીના શ્રી ગણેશ કર્યા હતા. જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ સહેલીના ભારતીબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરોજ પાસે પદયાત્રી લુંટાયો

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માના ખેરોજ ત્રણ રસ્તા પર ભાદરવી પૂનમ નિમિત્તે પગપાળા યાત્રાએ નિકળેલા એક યાત્રાળુને ૩ અજાણ્યા ઈસમોએ માર મારી આશરે રૂ. ૧૯ હજારનો મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જેની આજે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ભાદરવી પૂનમ નિમિત્તે અસંખ્ય શ્રદ્ધાળુ ખેડબ્રહ્મા માર્ગ પર પસાર થાય છે. દરમિયાન સંઘમાં પદયાત્રામાં નિકળેલા બાયડના વતની મયુર પટેલ ચાલતા ચાલતા ખેરોજ ત્રણ રસ્તા પહોંચ્યા હતા. ચાલતા-ચાલતા થાકી જતા તેઓ આરામ કરવા માર્ગની પાસે સુઈ ગયા હતા. રાત્રિ દરમિયાન ૩ જેટલા ઈસમોએ ભેગા મળી પદયાત્રી પાસે રહેલ રોકડ, મોબાઈલ મળી કુલ રૂ. ૧૮૮૫૦ નો મુદ્દામાલ લઈ યાત્રાળુને ઢોર માર માર્યો હતો અને બાદમાં પલાયન થઈ ગયા હતા. આ મામલે આજે ખેરોજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦